પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.ક્રમાંક:વિ.શા./એ સેકશન/પરમીટ/ ગેરેજ જાહેરનામું/ ૪૩૩ /૨૦૨૫ તા. ૧૭/૧૧/૨૦૨૫**

અમદાવાદ શહેરના ઔદ્યોગિક વિકાસના લીધે સ્થપાયેલ ઔદ્યોગિક એકમોમા વિવિધ બહારના રાજ્યોના નાગરીકો વ્યવસાય અર્થે આવે છે. અમદાવાદ શહેરની વધતી વસ્તી ગીચતાના લીધે ચોરી, લુંટ, સ્નેચિંગ જેવી મિલકત તથા શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધ્યુ છે.આવા ગુનાઓમાં ટુ વ્હીલર, ફોર વ્હીલર જેવા સાધનનો ઉપયોગ ગુનેગારો તથા અસામાજીક તત્વો દ્વારા થતો હોય છે. ઘણીવાર આવા ગુનાઓ આચરવા સારુ ચોરીના વાહનોનો ઉપયોગ થતો હોય છે. જે વાહનોને ગુનામાં ઉપયોગ કર્યા બાદ નુકશાન થવાથી કે પકડાઈ જવાના ડરે ગુનેગારો/અસામાજીક તત્વો વાહનોમાં મોડીફીકેશન, વેચાણ કે રીપેરીંગ ગેરેજમાં કરાવતા હોય છે.ગેરેજના માલીકો કે મેનેજર દ્વારા તેમના ગેરેજ વર્કશોપમાં રીપેરીંગ,સર્વિસ તથા મોડીફીકેશન અર્થે આવતા વાહનોના માલિક, ચાલકના આઈ.ડી. પ્રુફ કે ડોક્યુમેન્ટને લગતા કોઈ નોંધણીના રજીસ્ટર ન નિભાવતા હોવાના કારણે ઘણી વાર ગંભીર પ્રકારના ગુનાઓ ઉકેલવામાં ઘણો વિલંબ થતો હોય છે. જેથી અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તથા શહેરમાં નાગરીકોની સલામતીને ધ્યાનમાં રાખી વાહનોની થતી ગેરકાયદેસર હેરફેર, મોડીફીકેશન, વેચાણ કે અન્ય ગુનામાં વપરાતા અટકાવવાના હેતુથી વાહનોના રીપેરીંગ કે સર્વિસ કરનાર વર્કશોપ, ગેરેજ, માલિક / સંચાલક નાઓ તેમના ગેરેજ વર્કશોપમાં આવતા વાહનોની તથા માલિક / સંચાલકની નોંધ રાખવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/ડ/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ.માં મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર રેટ વિસ્તારમાં ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનના માલિક-સંચાલકો /મેનેજર નાઓએ તેમના વર્કશોપ/ગેરેજમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરાવવા ફરમાવુ છુ.

### --: ફરજીયાત કરવાની કાર્યવાહી :--

ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનના માલિક સંચાલકો /મેનેજર નાઓએ તેમના વર્કશોપ/ગેરેજમાં કોઈપણ પ્રકારનું વાહન રીપેરીંગ/વેચાણ અર્થે આવે ત્યારે તેઓએ નીચે દર્શાવેલ બાબતોની નોંધણી દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે અને વાહન માલીક તથા વાહનના અનુક્રમે ઓળખ તથા રજીસ્ટ્રેશન અંગેના જરૂરી ડોક્યુમેન્ટ મેળવી નિભાવવાના રહેશે અને જ્યારે પોલીસ ચેકિંગમાં આવે ત્યારે આ રજીસ્ટર તથા ડોક્યુમેન્ટ બતાવવાના રહેશે.

## ગેરેજ/સર્વિસ સ્ટેશનનું નામ

| અ.નું | વાહનનો પ્રકાર અને કંપનીનુ નામ | રજીસ્ટ્રેશન નંબર | એન્જીન નંબર | ચેસીસ નંબર | વાહન માલિકનુ નામ સરનામું મોબાઈલ નંબર તથા ઓળખપત્ર | વાહન ગેરેજ / સર્વિસ સ્ટેશનમાં મુક્યા તારીખ | વાહન ગેરેજ / સર્વિસ સ્ટેશન માંથી લઈ ગયા તારીખ | ગેરેજ/સર્વિસમાં વાહન આપનાર તથા લઈ જનાર વ્યકિતિ નું નામ સરનામું, મો.ન, આઇ.ડી.પ્રુફ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનના માલિક, સંચાલક/મેનેજર નાઓએ તેમના વર્કશોપ/ગેરેજ/સર્વિસ સ્ટેશનના એન્ટ્રી તથા એક્ઝિટ ગેટ ઉપર સી.સી.ટી.વી કેમેરા રાખવાના રહેશે જેનું રેકોર્ડીંગ ૩૦ દિવસનું રાખવાનુ રહેશે.

-: અમલવારીનો સમય :-

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: જાહેર વિજ્ઞાપન :-

આથી હું આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

-: શિક્ષા :-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭ /૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧)અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૩) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૪) તમામ પો.ઈન્સશ્રીઓ.અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.